# સુરત મહાનગરપાલિકા

કાર્યપાલક ઈજનેર
નવો પૂર્વ ઝોન(સરથાણા)
સંકલ્પ રેસીડેન્સીની બાજુમાં,
શ્યામધામ મંદિર ચાર રસ્તા પાછળ,
સરથાણા, સુરત.

ફોન : (ઓફીસ) + ૯૧ ૬૩૫૯૯૦૯૬૦૬
+ ૯૧ ૬૩૫૯૯૦૯૫૦૬

ઈ–મેઈલ:
exen.ez.north@suratmunicipal.org

ઈ.ઝેડ/ સંમતિ પત્ર/ નં. ૧૩૩૪
તા. ૧૭ / ૦૬ /૨૦૨૬

## –: સંમતિ પત્ર:–

પ્રતિ,

વિષય:–:– સુ.મ.પા.ના નવો પૂર્વ (સરથાણા) ઝોન વિસ્તારમાં વોર્ડ નં.૦૨ માં રોડ સાઈડ આવેલ કાંટાળી વનસ્પતિ, વૃક્ષો તેમજ કાપેલ વૃક્ષોના થડ દુર કરવા જે.સી.બી. મશીન ભાડે રાખવા બાબત.

સંદર્ભ :–(૧) સ્થાયી સમિતિ ઠરાવ નં. ૮૨૨/૨૦૨૬, તા.૦૯/૦૩/૨૦૨૬થી મંજુર થયેલ ભાવ મુજબ.
(૨)મે.ડે.મ્યુ.કમિશનરશ્રી.તા.૦૯ /૦૬/૨૦૨૬ના રોજની મંજુરી.

મહાશય,

સુ.મ.પા.ના નવો પૂર્વ (સરથાણા) ઝોન વિસ્તારમાં વોર્ડ નં.૦૨ માં રોડ સાઈડ આવેલ કાંટાળી વનસ્પતિ, વૃક્ષો તેમજ કાપેલ વૃક્ષોના થડ દુર કરવા જે.સી.બી. મશીન ભાડે રાખવા ના કામે સંદર્ભ (૧) મુજબ સ્થાયી સમિતિ ઠરાવ નં. ૮૨૨/૨૦૨૬, તા.૦૯/૦૩/૨૦૨૬થી મંજુર થયેલ ભાવ મુજબ ભાવે અને શરતોને આધિન રૂા.૫,૦૦,૦૦૦.૦૦(GST સહિત) ની ખર્ચ મર્યાદામાં કામગીરી કરાવવાનું સંદર્ભ (૨) હેઠળથી મંજુરીથી મંજુર કરવામાં આવેલ છે. જે કામ કરવા સંમત હોય તો આપશ્રીની લેખીત સંમતિ તા. ૧૯/૦૬/૨૦૨૬સુધીમાં નીચે સહી કરનારની કચેરીમાં પહોંચાડવા પ્રબંધ કરશો. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઈ બંધ કવરો સ્વીકારવામાં આવશે નહી.

### –: શરતો :–

૧. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ / ચેક/પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા.૫,૦૦૦ /– ની આપવાની રહેશે.
૨. કોઈપણ તથા બધાજ સંમતિપત્રક રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહી.
૩. તમામ પ્રકારના વેરા / સરકારી ટેક્ષ ઈજારદારે ભોગવવાનાં રહેશે.
૪. તમામ સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.
૫. સદર કામગીરી બાબતે અત્રેના ગાર્ડન વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

કાર્યપાલક ઈજનેર
નવો પૂર્વ ઝોન(સરથાણા)
સુરત મહાનગરપાલિકા